રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની જગાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૮૩૪૨૧/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.03/0૨/૨0૨૧.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૧૦/૨૦૧૯નો ઠરાવ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.03/03/૨૦૨૦નો ઠરાવ.
(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૧/૦૧/૨૦૨૧નો પત્ર નં.મકમ/હંગામીજગ્યા/ મુ.વ./૨૦-૨૧/૨૨૦

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી ધોરણે રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ- ૧૩ હંગામી જગાઓ ઉભી કરાયેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.03/03/૨૦૨૦ ના ઠરાવથી કુલ ૧૩ હંગામી જગાઓની મુદ્દત તા.૦૧/03/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ કુલ ૧૩ જગાઓની મુદ્દત વધુ એક વર્ષ માટે તા.૦૧/03/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૧/૦૧/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૧૧/૦૧/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની જગ્યાઓની મુદ્દત

તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી વધારવાની નીચેના કોષ્ટકની વિગતે તથા નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળની મંદબુધ્ધિની બાળાઓ/ મહિલાઓ માટેની સંસ્થા, રાજકોટની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ ચીફ ઓફિસર | ૩ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૨ | કેસવર્કર કમ પ્રોબેશન ઓફિસર | ૩ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૩ | સીનીયર કલાર્ક | ૩ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૪ | ગૃહમાતા | ૩ | ૦૧ | - | ૦૧ | - | - |
| ૫ | પટાવાળા | ૪ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૬ | રસોયા | ૪ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૭ | લેડી એટેન્ડન્ટ | ૪ | ૦૩ | ૦૩ | - | - | - |
| ૮ | સ્વીપર | ૪ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૯ | ચોકીદાર | ૪ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૧૦ | પાર્ટ ટાઈમ વીઝીટીંગ મેડીકલ ઓફિસર | - | ૦૧ | ૦૧ | - | - | - |
| ૧૧ | પાર્ટ ટાઈમ મનોવૈજ્ઞાનિક / મનોચિકિત્સક | - | ૦૧ | ૦૧ | - | - | - |
| | કુલ | | ૧૩ | ૧૨ | ૦૧ | - | - |

➢ શરતો:-

- એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે.

— ૩ —

- એબેયન્સમાં મુકવામાં આવેલ જગાઓ પર નિમણૂંક આપતાં પહેલા વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરી આ જગાઓને એબેયન્સ મુક્ત કરાવી લેવાની રહેશે.
- રદ થયેલ જગાઓ પર નિમણૂંક આપી શકાશે નહિ, આ જગાઓ માટે નવેસરથી નવી બાબતની મંજૂરી લેવાની રહેશે. (દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ હોય તેવી જગાઓ માટે ઉપરની ૦૩ શરતો લાગુ પડશે નહિ.)
- આ જગાઓ માટેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ માં ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૪/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.) તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૧/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી- ૧, બ્લોક નં.૨ , કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.